# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે રોગ જીવાત વ્યવસ્થાપન તાલીમ કાર્યક્રમ યોજાયો

દાહોદ જિલ્લાના ખેડૂતો માટે રોગ જીવાત વ્યવસ્થાપન ખુબજ અગત્યનો વિષય છે. જેને ધ્યાનમાં લઈ માન. કુલ પતિશ્રી ડો. કે. બી કથીરીયાના માર્ગદર્શન હેઠળ અખિલ ભારતીય બીજ સંકલિત યોજના (આદિ જાતી વિસ્તાર) યોજના અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ અને વનસ્પતી રોગશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ, આણંદના સંયુક્ત ઉપક્રમે કેવિકે દાહોદ ખાતે તા.૧૨ અને ૧૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ ખેડૂતોને જિલ્લાના મુખ્ય પાકોમાં આવતી જીવતો અને રોગોના નિયંત્રણ વિશે ડૉ. આર. જી. પરમાર, પ્રાધ્યાપક અને વડા, વનસ્પતી રોગશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આણંદ અને  ડૉ. જી. કે. ભાભોર, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવિકે, દાહોદની અધ્યક્ષતામાં માહિતગાર કરવામાં આવેલ. સદર તાલીમ દરમ્યાન જિલ્લાના મુખ્ય પાકોમાં રોગ જીવાત આવતા પહેલાંના નિયંત્રણ, તેના ઓળખ ચિન્હો તેમજ સંગ્રહિત બીજમાં આવતી જીવતો પર વિશેષ માહિતી આણંદ કેન્દ્રના વૈજ્ઞાનિકો ડૉ. એચ. એન. પ્રજાપતિ, ડૉ. પૂજા પાંડે અને દાહોદ કેન્દ્રના વૈજ્ઞાનિકો ડૉ. એન. આર. ચૌહાણ, ડૉ. એ. ટી. રાવલ બહોળી માહિતી આપવામાં આવી. ખેડૂતો વૈજ્ઞાનિક ઢબે ખેતીના પ્રોત્સાહન માટે તાલિમમા સાહિત્ય, જૈવિક ખતરો અને સર્ટિફાઇડ ઘઉં ના બિયારણ ૧૦૦ ખેડૂત ભાઈઓને  વિના મૂલ્ય વિતરણ કરવામાં આવેલ. સદર તાલીમોનું સફળ સંચાલન શ્રી. એ. પી. સાવલિયા દ્વારા કરવામાં આવેલ.








